

EWS - Economically Weaker Section



# મુખ્યમંત્રી ગૃહ યોજના

## ફોર્મ અને માહિતી પત્રીકા



**ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન**

સર મંગળસિંહજી રોડ, કાળાનાળા, ભાવનગર.


Scanned by CamScanner

| વિગત | સાઈઝ (મીટર) |
|---|---|
| લિવીંગ રૂમ | ૩.૦૦ × ૩.૫૦ |
| બેડ રૂમ | ૩.૦૦ × ૨.૬૦ |
| કિચન | ૧.૯૩ × ૧.૯૫ |
| વોશ | ૧.૩૫ × ૦.૯૦ |
| બાથ | ૧.૦૦ × ૧.૮૫ |
| ડબલ્યુ.સી. | ૦.૯૦ × ૧.૦૬૫ |






- કાર્પેટ એરીયા : ૨૬.૧૦ ચો.મી.
- બિલ્ટ અપ એરીયા : ૩૪.૨૦ ચો.મી.
- કુલ યુનીટ : ૧૫૦૬

## યોજનાની મુખ્ય વિશેષતાઓ :

(૧) આકર્ષક એલીવેશન
(૨) ભુકંપ પ્રતિરોધક બાંધકામ
(૩) વિટ્રીફાઈડ ટાઈલ્સનું ફ્લોરીંગ
(૪) કોટા સ્ટોનનું કીચન પ્લેટ ફોર્મ
(૫) પાઉડર કોટેડ એલ્યુમીનીયમ ગ્લાસ સ્લાઈડીંગ વિન્ડોઝ
(૬) મુખ્ય દરવાજો બન્ને સાઈડ લેમીનેટ શીટનો ફ્લશડોર
(૭) કેમ્પસમાં પાકા રસ્તા
(૮) પાર્કિંગમાં તેમજ અન્ય તમામ જરૂરી જગ્યાએ પેવર બ્લોકનું પેવીંગ
(૯) નિયમ મુજબ સ્ટાન્ડર્ડ કંપનીની લીફ્ટની સગવડ.

There can be minor modification in layout with same carpet area and amenities

Scanned by CamScanner

ફોર્મ કિંમત રૂ. ૫૦/-

# મુખ્યમંત્રી આવાસ યોજના

ફોર્મ નંબર : PA

## ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન

મહાનગર સેવા સદન, ભાવનગર.

અરજદારનો પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો ફોટો ચોંટાડી ઉપર આડી સહી અરજદારશ્રીએ કરવાની રહેશે.

(ફોટો સ્ટેપલ કરવો નહી)

### ઘર માટેનું અરજી પત્રક

### ઈ. ડબલ્યુ. એસ.-૧

* નિશાની કરેલ વિગત ફોર્મમાં લખવી ફરજીયાત છે. (ટીક કરવું ✓)

| અનુસૂચિત જાતિ | અનુસૂચિત જન જાતિ | બક્ષીપંચ | અંધજન/અપંગ | ડીફેન્સ | જનરલ |
|---|---|---|---|---|---|
| | | | | | |

* અરજદારનું પુરૂં નામ : (શ્રીમાન/શ્રીમતી/કુમારી) : ____________________

અટક નામ પિતા/પતિનું નામ

* પિતા/પતિનું નામ : (શ્રીમાન) ____________________

અટક નામ

* (૧) અરજદારનું હાલનું સરનામું : ____________________

____________________ પીન કોડ નંબર ____________

* (૧) અરજદારનું પત્ર વ્યવહાર માટેનું કાયમી સરનામું ____________________

____________________ પીન કોડ નંબર ____________

* (૨) ટેલીફોન નંબર : (ઘર)____________ (૩) મોબાઈલ નંબર : ____________

(૪) ઈ-મેઈલ એડ્રેસ : ____________________

NOT FOR SALE

* અરજદારનો ધંધો / નોકરી : ____________________

પેઢી / સંસ્થાનું નામ : ____________________

તથા તેનું પુરૂં સરનામું : ____________________

____________________ પીન કોડ નંબર ____________

* રહેણાંકનાં પુરાવા માટે કોઈ પણ એક પુરાવો માન્ય ગણાશે. (પુરાવાનો નંબર સંબધિત ખાનામાં દર્શાવવો)

| ચુંટણી મતદાર કાર્ડ | ડ્રાઈવીંગ લાયસન્સ | આધાર કાર્ડ | ઈલેક્ટ્રીક બીલ | રેશન કાર્ડ | અન્ય |
|---|---|---|---|---|---|
| નં. | નં. | નં. | નં. | નં. | નં. |
| | | | | | |

* ઓળખનાં પુરાવા માટે કોઈ પણ એક પુરાવો માન્ય ગણાશે. (પુરાવાનો નંબર સંબધિત ખાનામાં દર્શાવવો)

| ચુંટણી મતદાર કાર્ડ | ડ્રાઈવીંગ લાયસન્સ | આધાર કાર્ડ | પાનકાર્ડ | અન્ય |
|---|---|---|---|---|
| નં. | નં. | નં. | નં. | નં. |
| | | | | |

* કુલ કૌટુંબિક વાર્ષિક આવક રૂ. .................................................. (જુઓ સુચના નં. ૨)

**પ્રધાનમંત્રી આવાસ યોજના : વર્ષ-૨૦૨૨ સુધીમાં સૌને આવાસ...**

Scanned by CamScanner

✲ અરજદારનાં કુટુંબના સભ્યોની વિગત : (જુઓ સુચના નં. ૭)

| અ.નં. | પુરૂ નામ | ઉંમર | અરજદાર સાથેનો સંબંધ |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |
| ૫ | | | |

✲ અરજદારે પસંદગીના સ્થળની અગ્રિમતા નીચે જણાવવાની રહે છે. (સ્થળ લીસ્ટ માટે જુઓ પરિશિષ્ટ-૧)

| જે સ્થળે પસંદગી મેળવવાની છે તેનો ક્રમ નંબર | જે સ્થળે પસંદગી જોઈએ છે તે સ્થળનો કોડ નંબર |
|---|---|
| પ્રથમ પસંદગી | |
| બીજી પસંદગી | |
| ત્રીજી પસંદગી | |
| ચોથી પસંદગી | |
| પાંચમી પસંદગી | |
| છઠ્ઠી પસંદગી | |
| સાતમી પસંદગી | |
| આઠમી પસંદગી | |
| નવમી પસંદગી | |

✲ અરજદારનાં કે તેના કુટુંબના કોઈપણ સભ્યના નામે પોતાની માલિકીનું મકાન છે ? જો હા તો તેની વિગત આપવી.

સરનામું : ઘર/ફ્લેટ નં. ____________ મહોલ્લા/શેરી/સોસાયટી ____________

ગામ/શહેર : ____________ જિલ્લો : ____________ પીન કોડ નં. : ____________

અરજદારનાં કે તેના કુટુંબના કોઈપણ સભ્યના નામે પોતાની માલિકીની જમીનનો પ્લોટ છે ? જો હા તો તેની વિગત આપવી.

જમીન : ____________ (વાર. ચો.ફુ.) ગામ શહેર : ____________

જિલ્લો : ____________ પીન કોડ નંબર: ____________

નોમીનીનું પુરૂ નામ અને સરનામું : ____________

અરજદાર સાથેનો સંબંધ : ____________

ફોર્મ સાથે ભરવાની ડીપોઝીટની વિગત :

(અ) રકમ રૂા. ૭,૫૦૦/- (સાત હજાર પાંચસો પુરા)

(બ) ડી.ડી./પે ઓર્ડર ____________ તા. / / ૨૦૧૬

(ક) બેન્કનું નામ : ____________

(ડ) ચુકવણીનું સ્થળ : ભાવનગર.

નોંધ : (ડી.ડી./પે ઓર્ડર "મ્યુનિસિપલ કમિશનરશ્રી, ભાવનગર" નાં નામનો લાવવાનો રહેશે.)

✲ આ યોજનાનાં અનુસંધાને મકાન મેળવવાના ડ્રોમાં સફળ થયા બાદ ભા.મ્યુનિ.કોર્પો. જ્યારે પણ આગળની ભરવાપાત્ર રકમ ભરવાનું જણાવે, તે રકમ ભરવા હું તૈયાર છું અને જો આ રકમ ભરવામાં હું નિષ્ફળ રહું તો આ અરજી સાથે ભરેલ રકમ જપ્ત થશે અને મારી આવાસની ફાળવણી રદ થશે જે મને કબુલ મંજુર છે.

✲ આ યોજનાનાં અનુસંધાને મકાન મેળવવાના ડ્રોમાં સફળ થયા બાદ ભા.મ્યુનિ.કોર્પો. જ્યારે પણ રજુ કરેલા આધારોની ખરાઈ કરવા માટે ઓરીજનલ આધાર જોવા માટે મંગાવવામાં આવે ત્યારે અવશ્ય રજુ કરીશ. અને જો આ આધારો રજુ કરવામાં નિષ્ફળ રહીશ તો મારી આવાસની સાથે ભરેલ ડીપોઝીટની રકમ જપ્ત થશે અને મારી આવાસની ફાળવણી રદ થશે જે મને કબુલ મંજુર છે.

____________

(અરજદારની સહી)



Scanned by CamScanner

## -:: શરતો ::-

(૧) અરજી સાથે ભરવાની ડીપોઝીટની રકમ :- રૂા. ૭,૫૦૦/- (સાત હજાર પાંચસો પુરા)

(૨) મકાનની કુલ કિંમતના ઓછામાં ઓછા ૨૦% રકમ (અરજી સાથે ભરપાઈ કરેલ ડીપોઝીટ બાદ કરતાં બાકીની રકમ) ડ્રોમાં સફળ થયા બાદ ભા.મ્યુ.કોર્પો. જણાવે ત્યારે અરજદારે એક માસમાં ભરવાની રહેશે. ત્યારબાદ બાકી રહેતી ૮૦% રકમના એક સરખા દસ (૧૦) હપ્તા (માસિક) કરી ભા.મ્યુનિ. કોર્પો. જણાવે તે મુજબ જમા કરાવવાના રહેશે. તે ઉપરાંત છેલ્લા હપ્તા સાથે રૂા. ૨૫,૦૦૦/- મેન્ટેનન્સ ડીપોઝીટ તથા અન્ય ચાર્જીસ પણ ભરપાઈ કરવાના થશે.

(૩) ઉપરોક્ત શરત નં. ૨ મુજબની વિગતો પ્રમાણે અને ભા.મ્યુ.કોર્પો. દ્વારા લેખિત માં જાણ કર્યા મુજબથી આ યોજનાના ઈન્સ્ટોલમેન્ટની રકમ લાભાર્થી દ્વારા સમયસર ભરપાઈ કરવામાં નહીં આવે તો લાભાર્થીને કોઈ પણ પ્રકારની લેખિત જાણ કર્યા વગર તેઓનું ફાળવેલ આવાસ રદ્દ કરવું તેમજ ભરપાઈ કરેલ ઈન્સ્ટોલમેન્ટની રકમ જપ્ત કરવાની કાર્યવાહી કરવા માટે ભાવનગર મહાનગરપાલિકાનો અબાધિત હકક રહેશે. જે માટે લાભાર્થી દ્વારા કોઈ વાંધો કે તકરાર ઉઠાવવાનો રહેશે નહીં.

(૪) આવાસ યોજનાનું બાંધકામ પૂર્ણ થાય બાદ મકાનોની ફાળવણી થાય ત્યાં સુધી અરજદારે મકાનની નક્કી થયેલ પૂરેપૂરી કિંમત ભરપાઈ કરવાની રહેશે. ત્યારબાદ જ અરજદારને તેમને ફાળવવામાં આવેલ મકાનનો કબજો સોંપવામાં આવશે.

(૫) કુટુંબની વાર્ષિક આવક રૂા. ૩,૦૦,૦૦૦/- સુધી (કુટુંબ એટલે પોતે, પત્ની, સગીર બાળકો તથા આશ્રિત). આવકની ખોટી એફિડેવીટ રજુ કરનાર સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે.

(૬) કુટુંબ દીઠ એક જ અરજીપત્રક ભરવાનું રહેશે / કુટુંબ દીઠ એક જ મકાન ફાળવવામાં આવશે.

(૭) કુટુંબના કોઈપણ સભ્યના નામે ભાવનગર શહેરના હાઈકોર્ટ રોડ ઉપરની મેઈન પોસ્ટ ઓફીસથી ૮ કિ.મી. ની ત્રિજ્યાના વિસ્તારમાં મકાન અથવા જમીનનો પ્લોટ હોવો જોઈએ નહીં.

(૮) આરક્ષણ : વિનિયમો મુજબ આરક્ષિત કેટેગરી માટે મકાનો ફાળવવા નીચે મુજબ આરક્ષણ ફાળવવામાં આવેલ છે. અને પ્રમાણપત્ર ભા.મ્યુ.કોર્પો. મંગાવે ત્યારે રજૂ કરવાનું રહેશે.

| જુથ | ટકાવારી | પ્રમાણપત્ર |
|---|---|---|
| ડીફેન્સ | ૧૦% | સેક્રેટરી, જિલ્લા સૈનિક બોર્ડ |
| અનુસૂચિત જાતિ | ૭% | ગુજરાત રાજ્ય સમાજ કલ્યાણ ખાતાના અધિકારી |
| અનુસૂચિત જન જાતિ | ૧૪% | ઉપર મુજબ |
| બક્ષી પંચ | ૧૦% | ઉપર મુજબ |
| અંધજન/અપંગ અંધજન (અક્ષમતા) | ૩% | સિવિલ સર્જન |

*સમયસર પ્રમાણપત્ર રજુ ન થાય તો અરજી રદ થવાને પાત્ર છે. આરક્ષિત કેટેગરીમાં પૂરતી અરજી ન આવે તો અન્ય આરક્ષિત કેટેગરીમાં તબદીલ થશે અને તેમાં પણ ન આવે તો જનરલ કેટેગરીમાં તબદીલ કરાશે. આ બાબતે ભા.મ્યુ.કોર્પો. નો નિર્ણય આખરી ગણાશે.

(૯) મકાનોની ફાળવણી કોમ્પ્યુટર ડ્રોથી કરવામાં આવશે. જે ભા.મ્યુ.કોર્પો. ના આવાસ ફાળવણી અંગેના નિયમો તથા વિનિમયો અને ધારાધોરણ પ્રમાણે કરવામાં આવશે. ડ્રો ના અંતે મકાનની ફાળવણી ન થયેલ હોઈ તેવી અરજીઓ સાથે આપવામાં આવેલ ડીપોઝીટની રકમ અરજદારને વ્યાજ વિના પરત કરવામાં આવશે.

(૧૦) બેંક મારફતે લોન મેળવવા લાભાર્થી આપમેળે પ્રયત્નો કરવાના રહેશે. યોજનાનાં જરૂરી આધાર-પુરાવા ભા.મ્યુ.કોર્પો. તરફથી અરજદારની માંગણીનાં અનુસંધાને પૂરા પાડવામાં આવશે.

(૧૧) મકાનનો કબજો મેળવતાં પહેલા અરજદારે ભા.મ્યુ.કોર્પો. સાથે કન્વેયન્સડીડ (દસ્તાવેજ) કરવાનો રહેશે. જેનો ખર્ચ અરજદારે/લાભાર્થીએ ભોગવવાનો રહેશે.

(૧૨) આ યોજનાના લાભાર્થીઓ દ્વારા ફરજીયાતપણે એસોસીએશન રચવાનું રહેશે તથા તેના હોદ્દેદારોએ ભા.મ્યુ.કોર્પો. જણાવે ત્યારે સઘળી આંતરિક સુવિધાઓ જેવી કે પાણી પુરવઠો, ગટર, સ્ટ્રીટલાઈટ, રસ્તા, લીફ્ટ વિગેરે સ્થાનિક સંસ્થાઓમાં તેમના એસોસીયેશનના નામે તબદલી કરવાની રહેશે. તેને લગતો તમામ ખર્ચ એસોસીએશને ભોગવવાનો રહેશે. ત્યાર બાદ તેની મરામત/નિભાવણી, સારસંભાળ તથા વેરા ભરવાની સંપૂર્ણ જવાબદારી તેઓની રહેશે.



Scanned by CamScanner

ભા.મ્યુ.કોર્પો. દ્વારા મકાનની સાથે વસૂલવામાં આવેલ મેન્ટેનન્સ ડીપોઝીટની રકમ સામાન્ય સુવિધાઓ તબદીલ કરતી
(૧૩) ભા.મ્યુ.કોર્પો. દ્વારા મકાનની સાથે વસૂલવામાં આવેલ મેન્ટેનન્સ ડીપોઝીટની રકમ સામાન્ય સુવિધાઓની
વેળા એ જ એશોસીયેશનના બેંક ખાતામાં જમા કરવામાં આવશે. જે રકમમાંથી સમગ્ર વસાહતની સામાન્ય સુવિધાઓની
મરામત/નિભાવની જરૂરી વ્યવસ્થા જે-તે એશોસીયેશન દ્વારા જ કરવાની રહેશે.
મરામત/નિભાવની જરૂરી વ્યવસ્થા જે-તે એશોસીયેશન દ્વારા જ કરવાની રહેશે તેમજ લાભાર્થીના આધારકાર્ડની ઝેરોક્ષ (કોપી)
(૧૪) તમામ લાભાર્થીઓએ આધાર કાર્ડ માટે નોંધણી કરાવવાની રહેશે તેમજ લાભાર્થીના આધારકાર્ડની ઝેરોક્ષ (કોપી)
ભા.મ્યુ.કોર્પો.માં ફરજીયાતપણે જ્યારે જણાવવામાં આવે ત્યારે જમા કરાવવાનું રહેશે.
ભા.મ્યુ.કોર્પો.માં ફરજીયાતપણે જ્યારે જણાવવામાં આવે ત્યારે જમા કરાવવાનું રહેશે. તો મકાનની ફાળવણી રદ કરવામાં
(૧૫) આ ફોર્મમાં જણાવેલ સઘળી વિગતો પૈકી જો કોઈપણ માહિતી ખોટી સાબિત થશે તો મકાનની ફાળવણી રદ કરવામાં
આવશે અને ભરેલી પૂરેપૂરી રકમ જપ્ત કરવામાં આવશે તેમજ અરજદાર સામે ભા.મ્યુ.કોર્પો.દ્વારા કાયદેસર કાર્યવાહી
કરવામાં આવશે.
(૧૬) અરજદાર અરજીની તારીખે પુખ્ત વયનો હોવો જરૂરી છે એટલે કે અરજદારની ઉંમર ૧૮ વર્ષ પૂર્ણ થયેલ હોવી જરૂરી
છે. ઉંમર નક્કી કરવાની જરૂર પડે તેવા કિસ્સામાં શાળા છોડયાનું પ્રમાણપત્ર અથવા જન્મનો દાખલો રજૂ કરવાનો રહેશે.
(૧૭) લાભાર્થીને આવાસનો માલીકી હક્ક આપવામાં આવશે, પરંતુ ફાળવણી થયેથી ૭ (સાત) વર્ષ સુધી લાભાર્થી દ્વારા
આવાસ ભાડે આપી શકાશે નહીં તેમજ વેચી શકાશે નહીં, ફાળવવામાં આવેલ આવાસની સંયુક્ત માલિકી
(પતિ-પત્ની)ની રહેશે અલબત તેમાં મહીલાનો હક્ક પ્રથમ ગણવામાં આવશે.

(૧૮) કોઈ સંસ્થા/પેઢી/ટ્રસ્ટના નામે અરજી કરી શકાશે નહીં.

(૧૯) **અરજીપત્રક મેળવવાની તથા પરત કરવાની તા. ૧૯-૦૮-૨૦૧૬ થી તા. ૧૯-૦૯-૨૦૧૬ સુધીની રહેશે. ત્યારબાદ કોઈ અરજીપત્રક કે વિનંતીપત્રક સ્વીકારવામાં આવશે નહીં.**

(૨૦) આ યોજના/શરતોમાં ફેરફાર કરવા અથવા યોજના મુલત્વી રાખવાનો કમિશ્નરશ્રી, ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનનો અબાધિત હક્ક રહેશે.

(૨૧) આ યોજનાનાં કુલ ૯ (નવ) સ્થળો પૈકીનાં કોઈ સ્થળ માટે અપુરતા લાભાર્થી મળતાં કે એરપોર્ટ ઓથોરીટીના Height Clearance Certificate કે અન્ય કારણોસર જે કોઈ સ્થળ પર આવાસો બનાવવાનું રદ કરવામાં આવે અથવા બિલ્ડીંગના ફ્લોર ઘટાડવામાં આવે તો, તે સ્થળ પર પસંદગી કરાયેલ લાભાર્થીને અન્ય સ્થળો પર કરાયેલ આવાસો ઉપલબ્ધ હશે તો ભાવનગર મ્યુ.કોર્પો. જે આવાસો ફાળવે તે સ્વીકારવાનાં રહેશે.

(૨૨) **અરજદાર અરજી ફોર્મ સાથે ભરેલ ડીપોઝીટ રકમ જો તે યોજનામાં ચાલુ રહેવા માગતો ન હોય તો ડ્રો પહેલા પરત મેળવી શકશે. ડ્રો થયા પછી સફળ અરજદાર જો રીફંડની માંગણી કરે તો અરજી સાથે ભરેલ રકમ જપ્ત કરી ત્યારબાદ ભરેલ રકમમાંથી ૫૦% રકમ બાદ કરી બાકીની રકમ રીફંડ કરવાની રહેશે. આ રકમ ઉપર વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.**

(૨૩) આ યોજના અન્વયે મકાન નંબરની ફાળવણી કોમ્પ્યુટર ડ્રો થી કરવામાં આવશે.

(૨૪) લાભાર્થીઓને મકાનનો વ્યક્તિગત કબજો સોંપતા પહેલા તમામ લાભાર્થીઓનું એશોસીયેસન રચવામાં આવશે. જેના હોદ્દેદારો કોમન સુવિધાઓ જેવી કે પાણી પુરવઠો, ગટર, સ્ટ્રીટ લાઈટ, રસ્તા, લીફ્ટ, સીક્યુરીટી વિગેરેનો કબજો સંભાળી લેવાનો રહેશે અને આ સઘળી સુવિધાઓ ભા.મ્યુ.કોર્પો.ના નામે સ્થાનીક સંસ્થામાં નોંધાયેલ હશે તો એસોસીએસનના નામે તબદલી કરાવી લેવાની રહેશે. ત્યારબાદ તેની મરામત / જાળવણી કરવાની રહેશે. અને તેને લગતો તમામ ખર્ચ બીલ એસોસીએશનને ભોગવવાનો રહેશે. આ અંગે ભા.મ્યુ.કોર્પો. ની કોઈ જવાબદારી રહેશે નહીં.

(૨૫) લાભાર્થી દ્વારા જો પસંદગીના સ્થળની વિગતો ભરવામાં નહીં આવે તો અત્રેથી કરવામાં આવેલ ડ્રો મુજબથી જે આવાસ ફાળવવામાં આવે તે ફાળવણી સ્વીકારવાની રહેશે.

(૨૬) લાભાર્થીને રીફંડ કે ડીપોઝીટની રકમ ચેક/ડી.ડી. થી જ કરવામાં આવશે.

(અરજદારની સહી)

(અરજદારનું પુરૂ નામ)



Scanned by CamScanner

# -:: સૂચનાઓ ::-

**અરજીપત્ર સાથે અન્ય કોઈ દસ્તાવેજ બિડવાના નથી. જ્યારે અરજદાર કોમ્પ્યુટર ડ્રોમાં સફળ થાય ત્યારબાદ ભા.મ્યુનિ.કોર્પો. તેની પાસે માંગે ત્યારે જ દસ્તાવેજો તથા બિડાણ રજૂ કરવાના રહેશે.**

(૧) અરજદારે કોઈપણ એક ફોટો ઓળખપત્રની પ્રમાણિત નકલ અને રહેણાંકના આધારની પ્રમાણિત નકલ આપવી ફરજીયાત છે.

(૨) અરજદારે કૌટુંબીક વાર્ષિક આવક માટે મામલતદારનું પ્રમાણપત્ર/રાજ્ય સરકાર દ્વારા અધિકૃત કરેલ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર આપવું ફરજીયાત છે.

(૩) આરક્ષિત કેટેગરી માટે શરતોમાં જણાવ્યા મુજબ પ્રમાણપત્ર આપવા ફરજીયાત છે.

(૪) ડ્રાઈવીંગ લાયસન્સ, આધારકાર્ડ, ચુંટણી મતદાર કાર્ડ, રેશનકાર્ડ વિગેરે (આ અરજીપત્રકમાં જણાવેલ અરજદારનાં સરનામાં મુજબના કોઈપણ એક) ની પ્રમાણિત નકલ આપવી ફરજીયાત છે.

(૫) ઈન્કમટેક્ષ પાન કાર્ડ / ઈન્કમટેક્ષ રીટર્ન (છેલ્લુ) ની નકલ આપવી. (જો હોય તો)

(૬) ઉંમર નક્કી કરવાની જરૂર પડે તેવા કિસ્સામાં શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અથવા જન્મનો દાખલો રજૂ કરવાનો રહેશે.

(૭) **આ યોજના માટે કુટુંબ એટલે પોતે, પત્ની, સગીર બાળકો તથા આશ્રિત.**

(૮) અરજીપત્રક ઉપર ફોટો સ્ટેપલ કરવો નહીં. માત્ર ગુંદર કે તેવા એડહેસીવ મટીરીયલ થી વ્યવસ્થિત રીતે ચોંટાડેલ હોવો જોઈએ. તેમજ સહી ફોટો ઉપર અને અડધી ફોર્મ ઉપર આવે તેમ સહી કરવાની રહેશે.

(૯) કોરા અરજીપત્રક ભાવનગર શહેરમાં આવેલ કોટક મહિન્દ્રા બેન્કની શાખા પરથી બેન્કોના ચાલુ દિવસોઓએ અને બેન્કોના કામકાજના કલાકો દરમ્યાન મેળવી શકાશે. ભા.મ્યુ.કોર્પો. ની કોઈપણ કચેરીથી અરજી પત્રક મળશે નહીં.

(૧૦) અરજીપત્રક તથા માહિતી પત્રિકાનો સંપૂર્ણ અભ્યાસ કરી ભરેલ અરજીપત્રક તથા તે સાથે ભરવાની રકમ ડી.ડી./પે. ઓર્ડરથી મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, ભાવનગર ના નામનો ડી.ડી./પે. ઓર્ડર ભાવનગર શહેરમાં આવેલ કોટક મહિન્દ્રા બેન્કની શાખા પર ચાલુ કામકાજના દિવસે તથા નિયત સમયે ભરવાનાં રહેશે.

(૧૧) **અરજીપત્રક સાથે અન્ય કોઈ દસ્તાવેજ બિડવાના નથી. જ્યારે અરજીપત્રક કોમ્પ્યુટર ડ્રોમાં સફળ થાય ત્યારબાદ ભા.મ્યુ.કોર્પો. તેની પાસે માંગે ત્યારે જ દસ્તાવેજો/આધારો રજૂ કરવાના રહેશે. દસ્તાવેજ/આધારો રજૂ કરવામાં નિષ્ફળ જનારનું અરજીપત્રકરદ કરવામાં આવશે તથા અરજીપત્રક સાથે ભરેલી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.**

(૧૨) અરજદારે ખોટી માહિતી આપેલ હશે અથવા તો જો કોઈ સત્ય હકીકત છુપાવેલ માલુમ પડશે તો તેઓના સાથે કોઈપણ જાતનો પત્ર વ્યવહાર કર્યા સિવાય તેઓની અરજી આપોઆપ રદ થશે અને યોજનામાં ફાળવણીનો તેઓનો હક્ક રહેશે નહીં. તેમજ ભરેલી ડીપોઝીટ પૂરેપૂરી જપ્ત કરવામાં આવશે અને અરજદાર સામે ભા.મ્યુ.કોર્પો. દ્વારા કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.

(૧૩) અરજદાર લોટ્સ ડ્રોમાં સફળ થાય તેથી મકાન ફાળવણી અંગે તેઓનો હક્ક થતો નથી. પરંતુ મ્યુ.કોર્પો. દ્વારા બનાવવામાં આવેલ મકાનોની સંખ્યા પ્રમાણે અધિકૃત હશે અને જરૂરી રકમો આપેલ મુદતમાં ભરેલ હશે તો જ તેઓની અરજી મકાન ફાળવણી માટે વિચારવામાં આવશે.

(૧૪) અરજીપત્રક કોટક મહિન્દ્રા બેન્કને રૂબરૂ પહોંચાડવાનું રહેશે.

(૧૫) **ઓનલાઈન ફોર્મ તથા ઓનલાઈન નાણાં ભરનારને તેઓની રસીદ પોતે જ ઓનલાઈન પ્રિન્ટ કરી લેવાની રહેશે. જેમાં તેમનો યુનિક આઈ.ડી. નંબર જણાવેલ હશે. (વેબસાઈટ : www.bmcgujarat.com)**

(૧૬) અરજદારને અરજીપત્રકમાં જણાવેલ મોબાઈલ નંબર ઉપર ફોર્મ મળ્યાની, નાણાં મળ્યાની તથા કોમ્પ્યુટર ડ્રોમાં સફળ થવાની જાણકારી શક્ય હશે તો એસ.એમ.એસ. થી મોકલવામાં આવશે.

**ઉપર ફોર્મમાં જણાવેલ તમામ માહિતી સાચી છે, તેમજ ફોર્મમાં જણાવેલ સુચનાઓ તથા માહિતી પત્રિકામાં લખેલ તમામ વિગતો/શરતો મેં પુરેપુરી વાંચી, સમજી, વિચારીને ભરેલ છે અને ફોર્મમાં જણાવેલ સુચનાઓ તથા માહિતી પત્રિકામાં લખેલ તમામ વિગત/શરતો મને સંપૂર્ણપણે કબુલ અને બંધનકર્તા રહેશે.**

તારીખ :..............................................

સ્થળ :..............................................

**સાક્ષીની વિગત :**

(×) સહી :..............................................

પુરૂં નામ :..............................................

પુરૂં સરનામું :..............................................

**અરજદારની વિગત :**

(×) સહી :..............................................

પુરૂં નામ :..............................................

પુરૂં સરનામું :..............................................



Scanned by CamScanner

# પરિશિષ્ટ - ૧

| અ.નં. | સ્થળનું નામ | સ્થળનો કોડ નંબર | આવાસોની અંદાજીત સંખ્યા | ફ્લોરની વિગત |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | ટી.પી. સ્કીમ નં. ૦૨-એ કુભસર, ફા. પ્લોટ - ૩૦, સંસ્કાર વિદ્યાલય પાસે, શિવશક્તિ પાર્ક સામે, આખલોલ જકાતનાકા સામે, ભાવનગર. | EWS 1 | ૨૫૬ | Parking +8 |
| ૨ | ટી.પી. સ્કીમ નં. ૦૩ રૂવા, ફા. પ્લોટ - ૯૮, ઘોઘા રોડ, સાગર પાર્કની પાછળ, ફાતીમા કોન્વેન્ટની બાજુમાં, ભાવનગર. | EWS 2 | ૨૦૦ | Parking +5 |
| ૩ | ટી.પી. સ્કીમ નં. ૦૩, રૂવા, ફા. પ્લોટ-૧૦૪, સિતારામ નગર, બીલા ઉડાન સામે, ૧૫૦ ફૂટ રીંગ રોડ, એરોડ્રામ રોડ, ભાવનગર. | EWS 3 | ૧૨૦ | Parking +5 |
| ૪ | ટી.પી. સ્કીમ નં. ૦૮ રૂવા, ફા. પ્લોટ-૨૮, સુમન ટાઉનશીપ સામે, હમીરજી પાર્ક સામે, સુભાષનગર, ભાવનગર. | EWS 4 | ૧૦૮૮ | Parking +8 |
| ૫ | ટી.પી. સ્કીમ નં. ૦૮ રૂવા, ફા. પ્લોટ-૨૯, સુમન ટાઉનશીપ સામે, હમીરજી પાર્ક સામે, સુભાષનગર, ભાવનગર. | EWS 5 | ૩૨૦ | Parking +8 |
| ૬ | ટી.પી. સ્કીમ નં. ૧૨ તરસમિયા, ફા. પ્લોટ-૪૬, મહાદેવનગરની સામે, ઘોઘા રોડ થી તરસમિયા રોડ તરફ, ભાવનગર. | EWS 6 | ૩૩૬ | Parking +4 |
| ૭ | ટી.પી. સ્કીમ નં. ૧૨ તરસમિયા, ફા. પ્લોટ-૪૭, ઘોઘા રોડ, શીતળામાંની દેરી પાછળ, સંકલ્પ ટાઉનશીપ પાસે, ભાવનગર. | EWS 7 | ૮૦ | Parking +4 |
| ૮ | ટી.પી. સ્કીમ નં. ૧૨ તરસમિયા, ફા. પ્લોટ-૪૮, મહાદેવનગરની બાજુમાં, ખારસી સામે, તરસમિયા રોડ, ભાવનગર. | EWS 8 | ૯૨ | Parking +4 |
| ૯ | ટી.પી. સ્કીમ નં. ૧૨ તરસમિયા, ફા. પ્લોટ-૫૧, તરસમિયા રોડ, સ્વપ્ન સૃષ્ટિની પાછળ, ભાવનગર. | EWS 9 | ૫૬ | Parking +4 |
| | | | | |
| | કુલ... | | ૨૫૪૮ | |



Scanned by CamScanner

# પરિશિષ્ટ - ૨

## -:: સોગંદનામું ::-

આથી હું સહી કરનાર શ્રી/શ્રીમતી/કુમારી..........................................................................................................

ઉંમર વર્ષ આશરે.............................. ધંધો.............................. રહેવાસી..........................................................

.................................................................................તાલુકો / જિલ્લો........................................................

આથી આ સોગંદનામા દ્વારા નીચે પ્રમાણે અંતઃકરણપૂર્વક જાહેર કરું છું અને પ્રતિજ્ઞાપૂર્વક જણાવું છું.

(૧) કુટુંબના કોઈપણ સભ્યના નામે ભાવનગર શહેરની હાઈકોર્ટ રોડ પરની મેઈન પોસ્ટ ઓફીસથી ૮ કિ.મી. ની ત્રિજ્યાના વિસ્તારમાં મકાન અથવા જમીનનો પ્લોટ મારા કે / મારી પત્ની / પતિ કે કુટુંબના કોઈપણ સભ્યના નામે રહેણાંકનું મકાન કે ફ્લેટ સરકારી કાયદા હેઠળ કોઈ કો. ઓ. સોસાયટીમાં કે અન્ય રીતે ભાડા ખરીદ યોજના હેઠળ માલિકીનું કે ફ્લેટ નથી.

(૨) મારી તથા મારા કુટુંબની બધા સાધનોમાંથી વાર્ષિક આવક રૂા.................................................. છે.

(૩) હું.................................................................................... જાતિની વ્યક્તિ છું.

(૪) ભા.મ્યુ.કોર્પો. તરફથી ઓછી આવક ધરાવતા વર્ગના લોકો માટે ફાળવવામાં આવનાર મકાનો અંગે જે નિતી નિયમો કરવામાં આવ્યા છે તે મને બંધનકર્તા છે અને ભવિષ્યમાં જે ફેરફારો કરવામાં આવશે તે મને બંધનકર્તા રહેશે.

(૫) ભા.મ્યુ.કોર્પો. તરફથી મને જે મકાન ફાળવવામાં આવશે તેની કિંમતને લગતાં નિયત સમયમાં નિયત હપ્તાની રકમ દંડ કે દંડનીય વ્યાજ, વેરો કે ઈતર રકમ રજીસ્ટ્રેશનનો ખર્ચ/રકમ તે હું ભા.મ્યુ.કોર્પો. જે નક્કી કરે તે અધિકૃત સંસ્થાને ભરપાઈ કરવા બંધાઉ છું.

(૬) ઓછી આવક ધરાવતા વર્ગના લોકોની આ યોજના હેઠળ રચવામાં આવતા એસોસીએશનનો હું સભ્ય થવા સંમત થાઉ છું અને તેના નિતીનિયમોનું પાલન કરીશ.

(૭) ઉપરોક્ત વિગતો પૈકી કોઈ વિગતો ખોટી ઠરે તો ભા.મ્યુ.કોર્પો. જે કોઈ નિર્ણય કરશે તે મને કબુલ મંજુર અને બંધનકર્તા રહેશે.

(૮) વધુમાં મને કબુલ મંજુર છે, મેં આ યોજનામાં એક જ અરજી કરેલ છે અને તે પણ અસલ અરજીપત્રકમાં જ, કારણ કે અરજીપત્રકની કોઈપણ પ્રકારની નકલ સ્વીકાર્ય નથી. જો કોઈપણ નંબરના અરજીપત્રકની ઝેરોક્ષ કરવામાં આવેલ હશે તો ઝેરોક્ષ તેમજ તે જ નંબરનું અસલ અરજીપત્રક રદ કરવામાં આવશે. તેની પણ મને જાણ છે.

સ્થળ : ..........................................

તારીખ : ..........................................

..................................................

અરજદારની સહી



Scanned by CamScanner

# ફક્ત કચેરીના ઉપયોગ સારું

## (અરજદારે ભરવું નહિ)

## પરિશિષ્ટ-૩

## ...ચેક લીસ્ટ...

અરજીપત્રક : 

ફોર્મ નંબર : PA

| ક્રમ | વિગત | હા | ના |
|---|---|---|---|
| ૧ | અરજદારે પોતાનો ફોટો લગાવેલ છે ? | | |
| ૨ | સોગંદનામું રજુ કરેલ છે ? | | |
| ૩ | મામલતદાર/રાજ્ય સરકાર દ્વારા અધિકૃત કરેલ અધિકારીશ્રીનો આવકનો દાખલો/છેલ્લા વર્ષની ઈન્કમટેક્ષ રીટર્નની કોપી સામેલ કરેલ છે ? | | |
| ૪ | વાર્ષિક આવક રૂા. ૩,૦૦,૦૦૦/- સુધીની આવક મર્યાદામાં આવે છે કે કેમ ? | | |
| ૫ | લાભાર્થીએ રહેઠાણનો પુરાવો રજુ કરેલ છે ? | | |
| ૬ | અરજદારની ઉંમર ૧૮ વર્ષ કે તેથી વધુ છે કે કેમ ? | | |
| ૭ | અરજદાર ભાવનગર શહેરની હાઇકોર્ટ રોડની મેઇન પોસ્ટ ઓફીસથી ૮.૦ કિ.મી.ની ત્રિજિયામાં પોતાની માલિકીનું મકાન/જમીન/ફ્લેટ ધરાવતો નથી તેવું સોગંદનામું રજુ કરેલ છે ? | | |
| ૮ | અરજદારે રૂા. ૭,૫૦૦/- ડીપોઝીટ / રજીસ્ટ્રેશન ફી જમા કરાવેલ છે ? | | |
| ૯ | અરજદારે સહી/અંગુઠો કરેલ છે ? | | |
| ૧૦ | અરજદાર, સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ/અનુસુચિત જાતિ/અનુજન જાતિ/ભક્ષીપંચ/શા.ખો.ખા.પૈકી જે કેટેગરીમાં આવે છે. તેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર સામેલ કરેલ છે ? (જનરલ સિવાય) | | |
| ૧૧ | અરજદારે યુ.આઈ.ડી. (આધાર કાર્ડ) રજુ કરેલ છે ? | | |
| ૧૨ | ફોર્મ મંજુર કરવાપાત્ર છે કે કેમ ? | | |
| | | | |

● ના મંજુર કરવાપાત્ર હોય તો તેનું વિગતવાર કારણ :-

ચકાસણી કરનાર અધિકારીનું નામ :........................................................ સહી ........................................

ફોર્મ મંજુર કરવામાં આવે છે કે કેમ........................................................ (મંજુર/નામંજુર સ્વહસ્તે લખવાનું રહેશે.)

જો ફોર્મ ના મંજુર કરવામાં આવે તો તેનું કારણ :..............................................................................................

..................................................................................................................................................

અધિકારી/કર્મચારીની સહી

---

ફોર્મ નં. : **PA**

અરજદારશ્રી/શ્રીમતી...................................................................................................... ની અરજી સાથે

રૂા. ......................................

અંકે રૂપિયા........................................................................પુરાનો ડી.ડી./પે.ઓર્ડર નં.................................

તા........................................... નો ઈસ્યુ કરનાર બેંકનું નામ :.......................................................................

તથા........................................................બ્રાંચનો અરજીની રકમ પેટે મળેલ છે.

ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન વતી
સ્વીકારનારની સહી તથા સિક્કા



Scanned by CamScanner

# ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન

સર મંગળસિંહજી રોડ, કાળાનાળા, ભાવનગર.

# મુખ્યમંત્રી ગૃહ યોજના

## આર્થીક રીતે નબળા વર્ગના લોકો માટે રાજ્ય સરકારની સહાય સાથેની ઘરનું ઘર વસાવવાની/યોજના

| યોજનાનું સ્થળ | ટી.પી.સ્કીમ નં. ૧/બી, ચિત્રા એફ.પી. નં. ૧૩ | ટી.પી.સ્કીમ નં. ૧/બી, ચિત્રા એફ.પી. નં. ૧૪ | ટી.પી.સ્કીમ નં. ૨/એ, ફુલસર એફ.પી. નં. ૩૦ | ટી.પી.સ્કીમ નં. ૨/બી, ફુલસર એફ.પી. નં. ૩૬ | ટી.પી.સ્કીમ નં. ૩, રૂવા એફ.પી. નં. ૧૦૪ | ટી.પી.સ્કીમ નં. ૩, રૂવા એફ.પી. નં. ૧૦૬ |
|---|---|---|---|---|---|---|
| સ્થળનો કોડ | EWS-1 | EWS-2 | EWS-3 | EWS-4 | EWS-5 | EWS-6 |
| કચેરીનું નામ | કમિશ્નરશ્રીની કચેરી, ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર. | | | | | |
| યોજનાનું નામ | આર્થીક રીતે નબળા વર્ગના લોકો માટેની આવાસ યોજના (GREEN FIELD) | | | | | |
| યુનીટની સંખ્યા | ૨૦૦ | ૪૦ | ૩૬૦ | ૫૭૬ | ૯૦ | ૨૪૦ |
| કારપેટ એરીયા | ૨૬.૧૦ ચો.મી. | | | | | |
| સગવડ | 1 BHK (બેડ રૂમ, લિવીંગ રૂમ, કિચન, ડબલ્યુ-સી, બાથ, વોશ.) | | | | | |
| અંદાજીત કિંમત | ૫.૦૦ થી ૫.૫૦ લાખ | | | | | |
| અરજી સાથે ભરવાની થતી રકમ | ૭૫૦૦/- | | | | | |
| મેઈન્ટેનન્સ ડીપોઝીટ | ૨૫૦૦૦/- | | | | | |

## મુખ્ય વિગતો

(૧) યોજના અંતર્ગત આવાસો અંદાજીત **૨૬.૧૦ ચો.મી.** કાર્પેટ એરીયા **(૨૮૦.૮૩ ચો.ફુટ)** અને અંદાજીત બિલ્ટ અપ એરીયા **૩૪.૨૦ ચો.મી. (૩૬૮.૦૦ ચો. ફુટ)** ના બાંધકામવાળા થશે.

(૨) **અંદાજીત ખરેખર થનાર ખર્ચ રૂા. ૫.૦૦ થી ૫.૫૦ લાખનો થાય તેમ છે, (જમીનની કિંમત વગર) તે મકાનો લાભાર્થીને મળતી તમામ સરકારી (રાજ્ય તેમજ કેન્દ્ર સરકાર) ની સહાય ઉપરાંત બાકી રહેતી કિંમત અથવા રૂા. ૩.૦૦ લાખ બે પૈકી ઓછી રકમ લઈને ફાળવવામાં આવશે.**

(૩) મેઈન્ટેનન્સ ડીપોઝીટ પઝેશન વખતે **રૂા. ૨૫,૦૦૦/-** અલગથી ભરવાના રહેશે.

(૪) અન્ય કોઈ લીગલ ચાર્જ ભરવાના થાય તો લાભાર્થીએ ભરવાના રહેશે.

(૫) પાયાની તમામ સગવડો જેવી કે, પાણી પુરવઠો/ગટર લાઈન અને વિજ પુરવઠાની સુવિધાઓ પુરી પાડવામાં આવશે.


(૬) આંગણવાડી/આરોગ્ય કેન્દ્ર/તાલીમ કેન્દ્ર (ઉમ્મીદ) /બાળકો માટે ક્રિડાંગણ જેવી સુવિધાઓ માપદંડ મુજબ આપવામાં આવશે.

(૭) દર્શાવેલ પ્લાનીંગ અને બાહ્ય દેખાવ સુચિત છે, જેમાં ટેકનીકલ જરૂરીયાત મુજબ ફેરફાર થવાની શક્યતા છે, જે લાભાર્થીને બંધનકર્તા રહેશે.

(૮) જમીન **૯૯ વર્ષનાં ભાડા** પટ્ટેથી આપવામાં આવશે જેનો સમય પૂર્ણ થયેથી રીન્યુ કરવામાં આવશે.

(૯) અરજી ફોર્મમાં ફરજીયાત વિગતો દર્શાવવામાં આવેલ નહીં હોય તો અને અન્ય માહિતી અધુરી જણાશે તો ફોર્મ રદ કરવામાં આવશે.


Scanned by CamScanner





ટી.પી. સ્કીમ નં. ૨/એ, ફુલસર,
ફા. પ્લોટ નં. ૩૦,
સંસ્કાર વિદ્યાલય સામે,
મણીનગરની બાજુમાં,
૨૫ ચો.મી. વસાહત,
આખલોલ જકાતનાકા સામે,
રાજકોટ રોડ, ભાવનગર.




ટી.પી. સ્કીમ નં. ૩ - રૂવા, ફા. પ્લોટ નં. ૧૦૯,
વી.પી. સોસાયટીની સામે, માનસ દર્શનની બાજુમાં,
સુભાષનગર, એરોડ્રામ રોડ, ભાવનગર.




ટી.પી. સ્કીમ નં. ૧/બી,
ચિત્રા, ફા. પ્લોટ નં. ૧૩,
સ્વામીનારાયણ નગર,
ગુરૂનગર પાસે,
રાજકોટ રોડથી હાદાનગર જતા,
ભાવનગર.




ટી.પી. સ્કીમ નં. ૩ - રૂવા, ફા. પ્લોટ નં. ૧૦૪,
સીતારામ નગર, લીલા ઉડાન સામે, મ્યુ. પંમ્પીંગ
સ્ટેશનની બાજુમાં, ૧૫૦ ફુટ રીંગ રોડ,
એરોડ્રામ રોડ, ભાવનગર.




ટી.પી. સ્કીમ નં. ૨/બી, ફુલસર, ફા. પ્લોટ નં. ૩૬, કલ્યાણનગરની બાજુમાં,
સરકારી વસાહત પાછળ, ચિત્રા, રાજકોટ રોડ, ભાવનગર.

ટી.પી. સ્કીમ નં. ૧/બી, ચિત્રા,
ફા. પ્લોટ નં. ૧૪, ગુરૂનગર પાછળ,
સત્યનારાયણ સોસાયટી નં. ૧ સામે,
રાજકોટ રોડથી હાદાનગર જતા, ભાવનગર.




## ટાઉન પ્લાનીંગ વિભાગ, ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન, ભાવનગર

Scanned by CamScanner